# શહેરમાં કોલ્ડવેવ : પારો ૧૦ ડિગ્રી

## શહેરમાં છેલ્લા ચાર દિવસથી શિયાળાની જમાવટ : સતત લઘુત્તમ તાપમાન ઘટતા શહેરીજનો ઠુંઠવાયા : સાંજ પડે શહેરના આંતરિક માર્ગો સુમસામ બન્યા

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં આજે સતત બીજા દિવસે ઠંડીનો પારો ગગડયો હતો લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીએ પહોંચી જતા આજનો દિવસ સીઝનનો સૌથી ઠંડો દિવસ પુરવાર થયો હતો આક્રમક ઠંડીના શહેરી જરૂર સવારથી જ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા નગરના જનજીવન પર ઠંડીની વિપરીત અસર જોવા મળી હતી સાંજ ઢળતાં રજાના દિવસે માર્ગો પર સન્નાટો છવાઈ ગયો હતો.

ગાંધીનગરમાં આજે ઠંડીનો મિજાજ વધુ ઉગ્ર બન્યો હતો વહેલી સવારથી જ અસહ્ય ઠંડીનું મોજું ફરી વળ્યું હતું સવારે મોર્નિંગ વોક કરનારાઓને પણ ગરમ કપડાંમાં સજજ જોવા મળ્યા હતા ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૦.૫ ડિગ્રી ગગડયો હતો જેના લીધે સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી સવારથી જ અસહ્ય કોલ્ડ વેવના લીધે નાગરિકો ઠંડીની અસરથી સુન્ન પડી ગયા હતા શહેરના માર્ગો પર સવારે નવો વાગ્યા રાહદારીઓની પાંખી અવરજવર જોવા મળી હતી ઠંડીની સાથે વાતાવરણમાં ધુમ્મ્સનું પ્રમાણ પણ વિશેષ રહ્યું હતું બપોરના સમયે નગરજનોએ થોડોક ઉકળાટ અનુભવ્યો હતો જ્યારે સાંજ ઢળતા ફરીથી ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું કોરોના સંક્રમણ વચ્ચે આકરી ઠંડી ના લીધે રાત્રિના સમયે શહેરની શેરીઓ મા અને નગરના શોપિંગ બજારોમાં પણ સન્નાટો વ્યાપી ગયો હતો સાંજ ઢળતાં જ નગરજનો ઘરના બારી-બારણા બંધ કરી પુરાઈ ગયા હતા અસહ્ય ઠંડીના લીધે કોરોના સંક્રમણ નું જોખમ પણ વધી ગયું

છે જ્યારે શ્વાસના દર્દીઓ પરેશાન છે રોજ બરોજ ઠંડીનો પારો ગગડી રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં લઘુત્તમ



તાપમાન સિંગલ ડિજિટલ આવી જશે તેવી સંભાવના પણ છે ઠંડીની અસરથી બચવા શહેરના ખુલ્લા વિસ્તારમાં રહેતા શ્રમિકો હાલ તો આપણા ના સહારે છે બીજી તરફ સેક્ટર વાસીઓ પણ કોરોના ની સાથે હવે ઠંડીથી બચવા કામ સિવાય ઘરની બહાર જવાનું ટાળે છે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ દિનપ્રતિદિન વધી રહ્યો છે જેના લીધે નગરજનો નગરજનો વાતાવરણની વિપરીત અસરથી પ્રભાવિત છે ઠંડી આક્રમક બનતા સિનિયર સિટીઝન્સ ના આરોગ્ય પર વિપરીત અસર જોવા મળી રહી કોરોના કહેર કોરોના કહેર વચ્ચે વધતી ઠંડી પણ નગરજનો માટે ચર્ચાનો વિષય બની છે

# નવા સેક્ટરોમાં ૨૪મીએ પાણી પુરવઠો બંધ રહેશે

## ફિલ્ટર પ્લાન્ટની સફાઇ તેમજ પાઇપલાઇનની કામગીરીને અનુલક્ષીને સે-૧ થી ૧૩ માં સપ્લાય બંધ રહેશે

ગાંધીનગર તા ૨૦

શહેરના નવા સેકટરોમાં આગામી તા ૨૪ ડિસેમ્બરના રોજ પાણી પુરવઠો બંધ રહેશે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ફિલ્ટર પ્લાન્ટની સફાઈ તેમજ પાઈપલાઈનની મરામતની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આ દિવસે શહેરના સે-૧ થી ૧૩ માં પાણીનો સપ્લાય બંધ રહેશે ત્યારબાદ તા ૨૫ ડિસેમ્બરથી રાબેતા મુજબ પાણીનો સપ્લાય આપવામાં આવશે.

શહેરમાં હાલ નવા અને જુના સેકટરોમાં છેલ્લા દોઢ દાયકાથી કોમન સપ્લાય આપવામાં આવે છે. શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન અંદાજિત ૫૫ એમ એલ ડી થી પણ વધુ પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. ત્યારે ગાંધીનગરાઓ સમગ્ર દેશમાં માથાદીઠ સૌથી વધુ પાણીનો વપરાશ કરતા હોવાનુ પણ અભ્યાસના અંતે સ્પષ્ટ થયુ છે. આમછતા સેકટરોમાં પાણીનો કકળાટ ઉઠતો રહે છે. ત્યારે તંત્ર દ્વરા પણ સેકટરોમાં પાણી પુરવઠાને યોગ્ય રીતે સપ્લાય કરવા માટે પાણીના ફિલ્ટર પ્લાન્ટની પણ સફાઈ કરવામાં આવે છે. પાટનગર યોજના ભવનના પેટ વિભાગ નં-૧૮ના નાયબ કાર્યપાલક ઈજનેરે આ અંગે જણાંવ્યા મુજબ આગામી તા ૨૩ ડિસેમ્બરના રોજ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ફિલ્ટર પ્લાન્ટની સફાઈ અને પાઈપલાઈનના મરામતની કામગીરી હાથ ધરવામાં આવશે જેના લીધે તા ૨૪ ડિસેમ્બરના રોજ શહેરના સે-૧ થી ૧૩ પાણી પુરવઠાનો સપ્લાય બંધ રહેશે. ત્યારબાદ રાબેતા મુજબ પાણીનો સપ્લાય પુરો પાડવામાં આવશે.

# જિલ્લા પંચાયત અને ત્રણ તાલુકા પંચાયતમાં આજથી અધિકારી રાજ આવશે

## સૌથી લાંબો સમય વહીવટદાર તરીકે એસ.ડી. શર્મા રહ્યા હતા : પ્રથમવાર કેર ટેકર તરીકે જિલ્લા વિકાસ અધિકારી અને ટી.ડી.ઓ. ચાર્જ સંભાળશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે કોંગ્રેસના શાસનનો અંતિમ દિવસ છે. છેલ્લા વીસ વર્ષથી પંચાયતના સત્તાના સૂત્રો કોંગ્રેસ સંભાળી રહી છે. આજે સાંજથી જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન કેરટેકર તરીકેનો ચાર્જ સંભાળશે.

જિલ્લા પંચાયતમાં આમ તો અગાઉ ત્રણ વખત વહીવટદાર નિમાયા હતા પરંતુ આ વખતે કેર ટેકર તરીકે જે તે જિલ્લા વિકા અધિકારી, જે તે તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકામાં ચીફ ઓફિસર રહેશે તેવો સરકારે નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે માણસા, કલોલ અને દહેગામ તાલુકા પંચાયતમાં પણ આજે ચૂંટાયેલી પાંખનો અંતિમ દિવસ છે હવે ત્યાં તાલુકા વિકાસ અધિકારી કેર ટેકર તરીકે ફરજો બજાવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સૌ પ્રથમ ૧૯૯૩માં વહીવટદાર તરીકે પૂર્વ મહેસુલ સચિવ આર.એલ.મીના વહીવટદાર તરીકે નિમાયા હતા. તેમણે બે મહિના અને ૧૦ દિવસ સુધી હોદ્દો સંભાળ્યો હતો. આ પછી ૧૦-૧-૯૪ થી ૬-૭-૯૫ સુધી વહીવટદાર તરીકે એસ.ડી. શર્માએ હોદ્દો સંભાળ્યો હતો.

વહીવટદાર તરીકે સૌથી લાંબો સમય તેમણે ચાર્જ સંભાળ્યો હતો. ત્રીજા વહીવટદાર તરીકે પી.એમ. આચાર્ય નિમાયા હતા તેમણે ત્રણેક મહિના સુધી વહીવટદાર તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો.

હવે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન પ્રથમ કેર ટેકર અધિકારી બનશે. જ્યાં સુધી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંપન્ન થાય નહિ અને તેની પ્રથમ બેઠક મળે નહિ ત્યાં સુધી તેઓ કેર ટેકર તરીકેનો હોદ્દો સંભાળશે.

આ સમયગાળા દરમ્યાન તેમણે કોઈ નીતિ વિષયક નિર્ણય લેવાના રહેશે નહિ તેવુ રાજ્ય ચૂંટણી પંચના આદેશમાં જણાવ્યુ છે. જો કે તેઓ રોજબરોજનો વહીવટ સંભાળશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં અને ત્રણ તાલુકા પંચાયતમાં આજે ચૂંટાયેલી પાંખનું શાસન પૂર્ણ થશે. જિલ્લાના રાજકીય વર્તુળોમાં આને લઈ હવે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૩૭ નવા કેસ : ૪૯ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ સતત ચાલુ રહેવા પામ્યો છે. જિલ્લામાં આજે ૪૦ થી પણ ઓછા કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ નવા કેસ અને શહેર વિસ્તારમાં નવા ૧૭ કેસ નોંધાયા છે. જો કે આજે નવા નોંધાયેલા કેસોની તુલનામાં રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા ૪૯ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૨૯ દર્દીઓ રિકવર થયા છે જ્યારે શહેરમાં ૨૦ દર્દીઓ રિકવર થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૨૦ કેસમાં ૧૦ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત માણસામાં ૫ વર્ષનું બાળક અને ૭ વર્ષની દિકરી સંક્રમિત થતાં તંત્ર પણ ચિંતાતુર જોવા મળ્યુ છે. છેલ્લા કેટલાક દિવસોથી બાળકો સંક્રમિત થઈ રહ્યા છે તે તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે. મોટીવયના કેસ નોંધાયો છે. ઘટાડાના ટ્રેન્ડ વચ્ચે હોસ્પિટલાઈઝેશનમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાંથી માત્ર ૧ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

**માણસામાં ૫ વર્ષનો દિકરો અને ૭ વર્ષની દિકરી સંક્રમિત થયા : ગાંધીનગરમાં ૮, માણસામાં ૭, દહેગામમાં ૪, કલોલમાં ૧ કેસ : સે. ૪ માં 3 કેસ સહિત ૧૭ નવા કેસ**

દર્દીઓ, મહિલા દર્દીઓ અને હવે બાળકો કોરોનાની ઝપટે ચડી રહ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ માટે કડક તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૨૦ કેસમાં ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૪, માણસામાં ૭ અને કલોલમાં ૧

ગાંધીનગર તાલુકામાં અડાલજમાંથી ૨ કેસ અને દંતાલી ગામેથી બે કેસ મળવા ઉપરાંત જલુંદ, સરઢવ, ઝુંડાલ અને સરગાસણ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં નાંદોલ ગામેથી ૪ કેસ મળી આવ્યા છે. તંત્રએ સતર્ક બની અને ગામમાં સોશિયલ ડિસ્ટન્સીંગ તેમજ માસ્ક પહેરવાના નિયમની કડક અમલવારીના આદેશ આપ્યા છે.

માણસા તાલુકામાંથી આજે સાત કેસ મળતાં તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા સાત કેસમાં બે ૧૦ વર્ષથી ઓછી આયુ ધરાવતા બાળકો તો એક ૧૫ વર્ષની દિકરી કોરોનાથી સંક્રમિત થઈ હોવાથી તંત્રની ચિંતા વધી છે.

તાલુકાના આજોલ, ચરાડા અને સૌલૈયા ગામેથી કેસો મળવા ઉપરાંત માણસા અર્બનમાંથી ૪ કેસ મળી આવેલ છે.

કલોલ અર્બનમાંથી ૭૦ વર્ષની મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આજે ૨૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૪૬૫ દર્દીઓ કોરનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૮૨ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાં ૧૪૦થી

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૨માં કપાતા વૃક્ષો સામે પ્રકૃતિપ્રેમીઓમાં આક્રોશ

## સે-૨૨ માં રોડ નેટવર્કને સ્માર્ટ બનાવવા ૩૦૦ વૃક્ષો કપાશે.. પ્રકૃતિ પ્રેમીઓ આગ બબુલા : હરિયાળીનો સોથ વાળવાના વિરોધમાં પ્રકૃતિના મિજાજને અનુરૂપ અંદાજમાં જ પર્યાવરણ પ્રેમીઓએ શાંતિયાત્રા નિકાળી : મોઢા પર માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન સાથે પાંચ વર્ષના બાળકથી માંડીને ૭૫ વર્ષના વૃધ્ધો પણ શાંતિયાત્રામાં જોડાયા :આજે જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી રજુઆત કરાશે : હરિયાળીનો સોથ વળતો અટકશે નહીં તો ઉગ્ર આંદોલન થશે




ગાંધીનગર તા ૨૦

એક જમાનામાં ગ્રીનસીટીની આગવી ઓળખ ધરાવતુ હરિયાળુ શહેર હાઈટેક વિકાસના શમણાંઓ સાથે ધીમે ધીમે ઉજજડ બની રહ્યુ છે. વિકાસના નવા આયામો વચ્ચે અને હવે સ્માર્ટ સીટીના સપનાને સાકાર કરવા માટે નગરમાંથી હરિયાળીનો સોથ વળી રહ્યો છે. નગરના ગ માર્ગને સિકસલેન કરવાની યોજના અન્વયે ૭૮૨ વૃક્ષોની કટોતી કરવામાં આવનાર છે. ત્યારે હવે નગરના સેકટરોમાં એપ્રોચ માર્ગો પહોળા કરવા માટે પણ વૃક્ષોનો ભોગ લેવાશે. સે-૨૨ માં માર્ગ પહોળો કરવાની આ કામગીરીમાં અંદાજિત ૩૦૦ જેટલા વૃક્ષોનો ભોગ લેવાશે. ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમીઓએ આ વૃક્ષોની કટોતી ન થાય તે માટે રવિવારે શાંતિયાત્રા નિકળી હતી.

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવાના સ્વપ્નને સાકાર કરવા માટે હાઈટેક વિકાસની યોજનાઓ હાથ ધરવામાં આવી છે. નગરના સેકટરોમાં વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવે છે. પરંતુ આ કાર્યયોજનાઓ સ્થળ પર પુરવાર થાય ત્યારે ભોગ માત્ર હરિયાળીનો જ લેવાય છે. એક જમાનામાં હરિયાળા શહેર તરીકે આકર્ષણનુ કેન્દ્ર બનેલા નગરમાં આવતા મુલાકાતીઓની આંખોને પણ અનોખી ઠંડક મળતી હતી જયારે હવે વિકાસના નામે હરિયાળીનો સોથ વળતા આંખોને ખુંચે તેવા દ્રશ્યો નગરજનો અને

● અનુસંધાન પાન-૭ પર

### વૃક્ષો બચાવવા પ્રકૃતિ પ્રેમીઓએ વસાહતીઓની સહમતી લીધી

પ્રકૃતિ રક્ષા અભિયાન અંતર્ગત શહેરના પ્રકૃતિ પ્રેમી યુવાનો દ્વારા સે-૨૨માં યોજવામાં આવેલી યાત્રામાં યુવાનોએ સે-૨૨ના રહીશોના ઘરે જઈને વૃક્ષો કાપવાની કામગીરી અંગે માહિતી આપી ‘વૃક્ષોને કપાતાં બચાવવા આપ સહમત છો?’ તેવા પ્રશ્નાર્થ સાથે લખેલી વિગતવાળા સંમતિપત્ર ભરાવ્યા હતા. આ સંમતિપત્રમાં યુવાનોને જો કોઈ નાગરિક સહી કરવા સંમત ના હોય તો તેમને વૃક્ષોનું મહત્વ નમ્રતાથી સમજાવતા હતા અને તેમ છતાં ના માને તો પ્રેમથી સ્મિત સાથે હાથ જોડીને ત્યાંથી વિદાય લઈ લેતા હતા જેથી વસાહતીઓને આ પ્રકૃતિ પ્રેમીઓની નમ્રતા સ્પર્શી ગઈ હતી.

### શું પછી ઓકિસજનના બાટલાં ખભે લઈને ફરશો?

પ્રકૃતિ રક્ષા અભિયાનમાં કેટલાંક નાના બાળકો, મહિલાઓ અને વડીલો પણ જોડાયા હતા. જેમાં દરેકે હાથમાં એક બેનર પકડી રાખ્યું હતું. આ બેનર્સ પર લખેલા સૂત્રો ખૂબ હૃદયસ્પર્શી હતા.

- જો અમે નહીં બચીએ, તો તમે કેવી રીતે બચી શકશો?
- શું તમે વૃક્ષ વગરના વિશ્વની કલ્પના કરી છે ખરી?
- કુદરત ચેતવણી આપે છે, તું વૃક્ષ કેમ કાપે છે?
- જો તમે અમને બચાવશો, તો હું તમને બચાવીશ.
- હું તમને પ્રાણવાયુ આપું છું, શું તમે મારા પ્રાણ લેશો?
- મારું ભવિષ્ય તમારા હાથમાં છે..(નાના બાળકે દર્શાવેલું બેનર)
- આજે તો માત્ર માસ્ક પહેર્યા, શું પછી ઓકિસજનના બાટલા ખભે લઈને ફરશો?

# પતિના દેહવિલયના ૧૨ દિવસ જ બાદ પત્નિએ પણ સ્વર્ગની વાટ પકડી

## ૪૦ વર્ષ પૂર્વે પ્રેમલગ્નથી જોડાનાર દંપતીએ તેમના અંતિમ શ્વાસ ગાંધીનગર સિવિલમાં લીધા : કોરોના સામે દંપત્તિ જીવનનો જંગ હાર્યુ

ગાંધીનગર, તા. ૨૦

લગ્નજીવનના ૪૧મા વર્ષની ઉજવણી કોરોના દર્દી તરીકે કરી અને જીવનના છેલ્લા શ્વાસ પણ એક જ સ્થળે લીધા. માણસાના બે વૃદ્ધ દંપત્તિએ.

૨૮મી નવેમ્બરે લગ્નજીવનના ૪૧મા વર્ષમાં પ્રવેશ કર્યાના બે દિવસ બાદ આ દંપત્તિને કોરોનાની સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા હતા.

સાત દિવસમાં કોરોના દિલીપભાઈને પરાસ્ત કરી ગયો તો કોરોના સામે જંગ જીતેલા પત્ની કૃતિકાબેન ૧૯ દિવસ બાદ જીવનનો જંગ હારી ગયા...!

આ વાત કાલ્પનિક નથી પણ સત્ય ઘટના છે. પ્રેમી પંખીડા હતા આ દંપત્તિ આજથી ૪૦ વર્ષ પૂર્વે પ્રેમલગ્ન કર્યા હતા અને મુંબઈ જેવી નગરીમાં તેમનું જીવન સંઘર્ષો વચ્ચે પણ સરશ અને સાહજિકતાથી જીવ્યા હતા.

દિલીપભાઈ એન. ભટ્ટ અને કૃતિકાબેન ડી. ભટ્ટે ૪૦ વર્ષ પહેલાં પ્રેમલગ્નથી લગ્નગ્રંથીથી મુંબઈ ખાતે જોડાયા હતા અને સાથે રહેવાના કોલ આપ્યા હતા.



દિલીપભાઈ ભટ્ટ પહેલા મિલમાં અને પછી પ્રિન્ટીંગ પ્રેસમાં નોકરી કરતા હતા. નિવૃત્ત થયા બાદ તેઓ તેમના દિકરા ભાવેશે માણસા ખાતે ખોલેલી નાની દુકાનમાં મદદરૂપ થવા માટે છ માસ પહેલાં જ માણસા આવી સ્થાયી થયા હતા. કૃતિકાબેન મુંબઈમાં જાણીતા જ્યોતિષી હતા. તેઓ એસ્ટ્રોલોજીના વિષયના વર્ગો લેવા માટે કોલેજમાં જતા હતા.

દિલીપભાઈ અને કૃતિકાબેનનું લગ્નજીવન અનેક આરોહ-અવરોહ વચ્ચે સરળતાથી ચાલતુ

● અનુસંધાન પાન-૭ પર

## ટેલીફોનિક બેસણું



**શ્રીમતી વિદ્યાબેન ઉમેશચંદ્ર વ્યાસ** (ઉ.વ. ૭૩)નું દેહાવસાન તા. ૧૮/૧૨/૨૦૨૦ને શુક્રવારે થયેલ છે. **સદ્દગતાનું ટેલીફોનિક બેસણું તા. ૨૧/૧૨/૨૦૨૦ને સોમવારે સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ દરમિયાન** રાખેલ છે. **તેમના આત્માને ઈશ્વર શાંતિ આપે એવી પ્રાર્થના...**

ઉમેશચંદ્ર પ્રભુલાલ વ્યાસ (પતિ)
મિલન ઉમેશચંદ્ર વ્યાસ (પુત્ર) ૯૪૨૬૫૮૨૬૧૧/૬૩૫૧૩૨૨૮૦૩
નયન ઉમેશચંદ્ર વ્યાસ (પુત્ર) ૯૯૭૮૪૯૬૩૦૬
સોનલ અજયકુમાર પુરોહિત (પુત્રી) ૯૬૮૭૬૧૦૩૭૭
હર્ષદભાઈ પી. પંડ્યા (ભાઈ) ૯૮૨૫૦૨૨૮૧૨
સોહમ્ મિલન વ્યાસ (પૌત્ર) ૯૫૭૪૩૦૭૩૧૯
જિજ્ઞાસા મિલન વ્યાસ (પુત્રવધુ)
અલકા નયન વ્યાસ (પુત્રવધુ)
અજયકુમાર આર. પુરોહિત (જમાઈ)
યજ્ઞ, ધ્યાની, વેદ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com